...ts every man to do his social duty.

વીસમી સદીની ફરજ

એક ચાનક આપનાર નીતીબોધ પારસી સં-
સારની વાર્તા. જેમાં હાલના કુમારા પારસી
છોકરા છોકરીઓની કંગાલ હાલત, હાલ-
ના શીખેલાઓને નોકરી મેળવવાના
પડતાં ફાંફાં, નોકરી નહીં મળવાથી
વેપાર કરવાની બુમ, હિંદુસ્થાનમાં
વેપાર હુન્નરની પડતી, હિંદુસ્થાનના
ખેડુતોની કંગાલને દયાજનક હાલત,
પરદેશને ભરતુ હિંદુસ્થાન હઝાર
ટકાનું વ્યાજ, રાજા અને રૈયતની
એ બાબતમાં ફરજ, સ્ત્રી કેળવણી
અને પુનર લગ્નનો સવાલ, ઘણા
ખરા હાલના પારસીઓની હા-
લત, અને તેઓના સંસારનુ
વમળમાં ફસેલું વહાણ, તેઓ-
ના સુધારાએ કરેલું ધર્મનું
સત્યાનાશ, એ બધી બદીનો
ઇલાજ, વિગેરે જરૂરીઆત
પરચુરણ બાબતોનું હાસ્ય
રસ ને વાંચવા લાયક
ચોપાનીઉં.

છપાવી પ્રગટ કરનાર
કેખશરૂ મનચેરશાહ

સને ૧૯૦૧

સુરત દેશી મિત્ર પ્રેસમાં કાશીદાસ ભગવાન
દાસે છાપી.

કીંમત ફક્ત બે આના.

એક ચાનક આપનાર, [illegible], પારસી સંસારની વાર્તા, જેમાં કુમારાની દુઃખી જીંદગી, નોકરીનાં ફાંફાં, સ્ત્રીઓનું ઉડાઉપણું, કુમારા રહેવા[illegible] થતા નુકસાનો, પાસીઓની વધી ગએલી તકુબરી, પરણ્યા પહેલાંની ફીકરો, બૈરાંઓના ડ્રેસનો ચાલુ ખરચાળ રીવાજ, ઘરનું કામ તે હાલના બૈરાંને પડતું ઘરનું વેંતુ, આગલા વખતના પારસીઓનો ધંધો, **વેપાર ને વેપારની બુમ,** હીંદુસ્થાનની પડતી, ને તેના કારણો, ખેતીવાડીના સુધારાની ખાસ જરૂર, રેલવેને નહેરો કરતાં, કુવા ખોદાવવાની વધારે અગત્યતા, રેલવેથી સામો જતો રહેલો વેપારનો કસ, વગેરે તેથી થએલા ઘણીક જાતના ગેરફાયદા, ખેડુતોનો દયાજનક દેખાવ, અને તેઓની ગુલામગીરી, પરદેશને ભરતું હીંદુસ્થાન હજાર ટકાનું બ્યાજ, દેશી માલને કારીગીરીને ઉત્તેજન આપવાની દરખાસ્ત, દેશી વૈદાંનો સવાલ, પ્લેગની દવા, ડાક્ટરોની નબળાઇ, ચાહ, દારૂ, તમાકુ અને અફીણનો હદ બહાર ઉપયોગ. અને તેથી થએલું ગંભીર પ્રકારનું નુકસાન, નાનપણમાં છોકરાંઓને આપવામા આવતી કચડાતી કેલવણી-ને તેથી બાંધાનું નબળાપણું, હીંદુસ્થાનની કંગાલ સ્થીતી, સ્ત્રી કેલવણી, પુનરલગ્નનો સવાલ, દેશી રાજા ને રૈયતની ફરજ. કેલવણી અને વેપાર, વેપાર કરવાને પારસી પાસે પૈસા હોતો નથી, તેઓમાં મરણ પાછળના દેખા દેખીના ખોટા ખરચો, કુંવારા રહેવાથી થતા ડીઝીઝો, બૈરાંપર થએલી તેની મોટી ખરાબી, વસ્તીનો ઘટાડો, બૈરાંને આપવામાં આવતી હદ બહારની છુટ, ફ્રાંસમાં થએલો ફેશનનો વધારો, અને તેને મળતી ખરાબીનો પારસી સાથનો મુકાબલો, બીડી પીનાર પારસીઓને કોર્ટમાં ઘસડવાની જરૂર, પારસી સંસારનું ભર દરીએ આવેલું વહાણ, વીગેરે ઘણાક બગાડાનો કઇક ચીતાર, અને તેના ઇલાજ, નાનપણમાં ધર્મ કેળવણી ને ઝોરોસ્ટ્રીઅન બેંન્કની જરૂર; અને એ બાબતની કોમે કરવી જોઇતી નકલ.

[illegible]

[illegible] એક ઇંચ ખા[illegible] નબીરો, એપ્રીલ મા[illegible] સમાં, [illegible] સાંજે, વિક્ટોરીયા ગારડનની મોજ લેવા, બાગના ખુ[illegible]ના એક બેંચપર બેસી, વિચારમાં ગરક થઇ ગયો હતો. વાજાંનો અવાજ, અને માણસોની આવજાવ તરફ, તેનું ધ્યાન ખેંચાતું નહોતું. બાગમાં જ્યારે દરેક માણુસ રમત ગમતમાં ભાગ લેતાં હતા, ત્યારે તેજ એકલો જાણે બધાનો બળાપો કરતો હોય તેમ, વિચારમાં ગરક થઇ ગયો હતો. તે જુવાનીઆની ઉમર, પચાસેક વર્ષની માલમ પડતી હતી, અને તે સાધારણ પોષાકમાં સજ થયો હતો. તેનો ચહેરો ફીકકો પડી ગયો હતો, જે છુપાવવાને, વારમવાર રૂમાલ મોંહ ઉપર ઘસતો હોય, તેમ દેખાતું હતું; આવી સ્થીતીમાં મે તેને દુરથી જોયો, ને ધાર્યું કે તેને નોકરીપરથી કહાડી મુકવામાં આવ્યો હશે, યા તો એ કંઇ ઘરથી લડાઇ આવ્યો હશે, યા તો એના ઘરમાં કંઇ માઠો બનાવ બન્યો હશે, યા તો કંઇ વહાલી તરફથી ઠપકો મળ્યો હશે. એવા અનેક વીચાર કરતો હુ (ખુશરૂ) તેની નજદીક તેના બળાપામાં ભાગ લેવા ગયો.

મેં તેને સલામ કરી. તેની પડોશમાં પાટલીપર જગ્યા લીધી, અને કશુ જાણુતો નહીં હોઉં તેમ, તેની તરફ નજર કરી પુછ્યુ, કેમ શેઠ? તમે ભરૂચ રહો છો નહી? તેણે કહ્યું નાજી, હું અહીંજ રહું છું. મેં ટકોર કરી, કે બાગમાં તો રહેવાને ઘર નથી, તો અહીં એટલે પાટલીપરજ રહો છો? આ ઉપરથી તેને જરા હસું આવ્યું, અને જાણે ગમનો પડદો ખસેડી, ખુશીથી વાત કરતો હોય એમ લાગ્યું; મે પુછ્યું આપનું નામ શું? સાહેબ માહરૂં નામ બરજોરજી છે. મી૦ તમે રેલવેમાં નોકર છોની? મેં તમને આણંદના સ્ટેશનપર, ટીકીટ કલેકટર તરીકે જોયા હતા. ના સાહેબ, હું પોસ્ટ ઓફીસમાં નોકર છું, અને હાલ મહીનાની રજાપર છુ. મી૦ બરજોરજી? તમારી તબીએત ઠીક નહી હોય એમ લાગે છે. નહીં, હા, મી૦ ખુશરો. એમજ ચાલીયા કરે છે. મી૦ બરજોરજી? તેનું કંઇ કારણ, દવા દારૂ કરો. તમારો ચહેરો મને ઘણો ફીકકો લાગે છે, બરજોરજી કહે દવા તો ઘણી પણ કીધી, પણ ભી-તરનું દરદ કંઇથી નરમ પડે નહી, અને એ દરદ શાથી થાય છે. તે કહુ ત પણ પડી જાય. પણ મી૦ ખુશરો, એતું ટુંક નામ કુમારાપો ને નોકરીનો બરાપો છે.

મી૦ બરજોરજી? તમને રૂા. ત્રીસ ચાલીસેક મળે છે કે? (હું જાણતો હતો કે હાલ ગવરનમેન્ટ ડીપારટમેંન્ટમાં. પાંચ વરશે પનોતી ઉતરે, ત્યારેજ પ્રોમોશનની પનોતી ચઢે, તેમાં વળી પોસ્ટ ખાતાનું તો પુછવુંજ શું) બરજોર કહે નારે સાહેબ, હમણાંજ પાંચ વરશે પંદરના વીસ થયા છે, અને મહીનાની રજા મેળવતાં પણ, કંઈ જેવી તેવી મુસ્કેલી પડી નથી. મી૦ બરજોરજી તમે હાલ ક્યાં કામ કરો છો? મી૦ ખુશરો હું હાલ પંચમહાલ ગોધરામાં કામ કરૂં છું. વારૂં ત્યારે મી૦ બરજોરજી? ત્યાં પારસીની વસ્તી તો મારી જાણ પ્રમાણે ઘણી છે. બરજોરજીએ રડતાં જવાબ દીધો હા ભાઇ, પારશીઓ છે તો ખરા. પણ તે બધા આંગળાંપર ગણવાના છે. પારસી જ્યાં હોય ત્યાંબી સરખા, ને નહી હોય ત્યાંબી સરખા. આપણે સાદામાદા, ને વીસ રૂપરડીના પગારદાર પડ્યા, આપણી પાસે કંઇ ગળે બાંધવાના કુતરાંના કોલર નહી, કે શોકના કાળા નેકટાઇ નહી, ને તેઓ તો સાહેબ કોઇ ટ્રેઝરી ઓફીસર, તો કોઇ મેડીકલ ઓફીસર, કોઇ ગુડસ કલાર્ક, તો કોઇ હેડ કલાર્ક. એવા એવા, સો દોઢસોના, મોટા પગારદારો પડ્યા–એટલે આપણે કંઇ તેઓની ગણત્રીમાંજ નહી. હું તો ઘણે ગામ ફર્યો છું, પણ જ્યાં કોઇ પારસી અમલદાર આપણને જોય, કે તેનું નાકનું ટીચકું સવાગજ ઉન્ચુ ચઢી જાય, અને જ્યાં વધારે હોય, ત્યાં તડાં તો હોયજ; ભોગ જોગે એવી જગાએ કોઇ આપણા જેવો મરી જાય, તો કહે કે અહીંઆ ક્યાં ઘરબાર છોડીને, આપણને દુખ દેવા આવ્યો છે. ભાઇ એના કરતાં તો હીંદુઓ હઝાર દરજજે સારા, કે પોતાની નાતજાત તો શુ, પણ એક ગામવાળાને જોય, તો ખુશી ખુશી થઇ જાય; જો કોઇ નવો માણુસ આવે તો પુછે, ભાઇ તમે કઇ ન્યાત છો, અને ક્યાં રહો છો? “ભાઇશાબ અમોરૂં ગોમ ઓમદાવાદ સે” એટલું કહેતાંજ થઇ ચુકું. “આવો આવો, આપણે ઘેર આવો, હું પણ અમદાવાદીજ છુ, તમે હાલ આપણે ત્યાં ઉતારો કરજો, અને બીજે કસે ધીમે સાંસતે સવડ થતાં સુધી, આપણે ત્યાંજ પધારો,” ને જો આપણે કોઇ ગામ જઇ પારસીને મળી… તો પહેલેથીજ રોદરા રડશે, કે મારૂં ફેમીલી સીક છે, ને … પાક નથી, વીગેરે કંઇ કંઇ પુછ્યા પહેલાંથીજ, બહાના કાડવા …

મી૦ બરજોરજી? તમે ત્યાં ફેમીલી સાથે રહો છો…

કલાજ. અરે ભાઇ ફેમીલી તો સાથે નથી, પણ ફેમીન તો છે ઘર ને વાસ્તે મહીને દહાડે પાંચ સાત મોકલું છું, અને મારૂં જેમ તેમ પૂરૂં કરૂં છું, ત્યાં તમે ફેમીલીની વાત ક્યાં કરો છો, એ હાથીનું હું સામાથી પુરૂ કરૂં, એ ફીકરે ને ફીકરે તો, મણનો પચીસ સેર થઇ ગયો છું. અરે પણ મી૦ બરજોરજી તમે એને વળી હાથીનું રૂપ કેમ આપો છો, ને એટલી બધી ફીકર શાને રાખો છો. મી૦ ખુશરો, તમે હજુ લીલી શુકી જોઇ નથી, પરદેશ વેડયો નથી, જમાનો જોયો નથી, અને હાલના બૈરાનો ડ્રેસ, ને વખત કેવો બારીક છે, તેની તમને ખબર હોય એમ લાગતું નથી. મી૦ ખુશરો? પણ તમે હાલ શું કરો છો? અરે મી૦ બરજોરજી તને મારી વાત પુછવાનો શું શોખ થઈ આવ્યો છે. તને બળાપો કરતો, અને ઉદાસ ચેહેરે દુરથી જોઇ, હું તારી આગળ આવ્યો, કે કંઇ વાત કહાડું, તો તને શાંતી થાય, પણ જ્યારે તું મારીજ હકીકત પુછે છે, તો પેલી કહેવત પ્રમાણે આવ ભાઇ હરખા, અને આપણે બંને સરખા. એવી છે. હું બે વરસ થયાં મેટ્રીકની પરીક્ષા પસાર કરી નોકરીની તલાસમાં છું, પણ કોઇ જગ્યાએ નોકરી મળતી નથી. પોલીસમાં રહેવા ગયો ત્યાં સાહેબે કહ્યું, તમને સેકન્ડ કલાસ કોનસ્ટેબલની દશ રૂપીઆની જગ્યા આપવામાં આવશે, અને ડ્રેસ પહેરી રોન તથા પેહેરો ભરવો પડશે, હાલ હું તમને વધારે જગ્યા આપી શકતો નથી. નોકરી કોઇ જગ્યાએ મળતી હતી નહી, તેથી દશ તો દશ કબુલ્યા, કારણ હવે તો જે પગાર આપે, તેપર સબુરી કરવાનો વખત છે, નહીં તો ભુખે મરવું પડશે, પણ અરજ કીધી, સાહેબ, હું મેટ્રીક પાસ થએલું છું, માટે પહેરાની નોકરી નહીં આપતાં, આપને ત્યાં કારકુનની જગ્યા આપો, તો મોટો ઉપકાર થશે, હું પાસ થએલો માણસ પહેરો ભરૂ, એ ઠીક લાગતું નથી. આવું મારૂં બોલવું સાંભળી સાહેબ તો ખીજવાઇ ગયા, કે શું તમેજ મેટ્રીક પાસ થયા છો? મારે ત્યાં હિંદુ ગ્રેજ્યુએટો બાર રૂપીઆમાં કારકુન, ને પહેરાના બન્ને કામ કરવા ખુશીથી આવે . તે શું તમે **પારશી**, એટલે કાળો ડ્રેસ પહેરી પહેરો નહી' . સાહેબનું આવું બોલવું સાંભળી, આપણે તો મેટ્રીકની ...રર નીસાસો મુકી, ત્યાંથી ચાલી આવ્યા.

...લવેમાં રહેવાનીતજવીજ કીધી. કાકા રેલવેમાં નોકર હતા

તેની આજીજી કીધી, ત્યારે તેવણે કહ્યું કે શીઝન હવે નજદીક આવી લાગી છે, ત્યારે હું સાહેબને કહીને તને રખાવીશ. પછી જ્યારે શીઝન આવી, ત્યારે કાકાએ સાહેબને કહ્યું કે, મારી પચીસ વરસની સરવીસમાં, હું તારી પાસે એક ફેવર માગું છું. અને તું મારા ભત્રીજાને, તારા ખાતામાં કેથે નોકરી રાખ, એને ગાર્ડની નોકરી કરવાની બહુ હોંશ છે. સાહેબે કહ્યું, હાલ કંઇ ગાર્ડની જગ્યા પારસીઓને, વાસ્તે ખાલી નથી, પણ હું એને નીકળતી કોઇ જગ્યા પર રખાવીશ. દહાડાપર દહાડા, ને મહીનાપર મહીના, વીતી ગયા, અને શીઝન પણ ખલાસ થવા આવી, પણ કશો જવાબ મળે નહી, ને મને તો મારા કાકાએ માગેલી એક ફેવરને બદલે, મારી ધીરજ નહી રહેવાથી, ફીકરે ફીકરે, એક આંતરીઓ ફીવર, આવવા માંડયો. હજારો વીચાર કરવા માંડયા, કે હુ કયાં જાઉં, ને શું કરૂં નાતાલને જંગબાર, જવાનો વિચાર કરૂં, ને માયને વાત કહું ને જીવ કહાડી નાંખે, તે દરમ્યાન આબકારી, પોસ્ટ, કસ્ટમ, રેવેન્યુ, જ્યુડીશીઅલ ખાતાંઓમાં, દમ બાંધીને અરજીઓ કરવા માંડી, જેના જવાબમાં તમારી અરજી મળી છે, અને હમારે ત્યાં હાલ જગ્યાઓ ખાલી નથી, જગ્યા નીકળશે ને બોલાવશું, અથવા તમારૂં નામ ઉમેદવારમાં દાખલ કરવામાં આવ્યું છે. એવા એવા જવાબથી, હાલ તરત તો મેં ટયુશન આપવાનો ધંધો શોધી કહાડયો છે, જેમાં રડાકુટે પંદર વીશ પેદા કરૂં છું.

આ હાડમારીમાં હું છું તેટલાં તો મારી માંય મારૂ સોધવા માંગે છે, કે દીકરા માંય મરે તું શીખીને હવે મેટ્રીક થયો છે, તે, તું મારા ડોરા છે, તેટલાં કોઇ સારે ઘેરની છોકરીનો ટપકો લાઉ, ને તું હા ભણે તો હુ જાણે જીવતી બહેસ્તમાં જાઉં. કેવા સારે સારે ઘેરની છોકરીને ત્યાંથી તારો ટપકો મંગાવે છે. મી૰ બરજોર હું તો સાફ નાજ કહુંચ કે મારે તો હમણા પરણવુજ નથી. હું જાણું છું તો ખરો, કે પણ્યા વગર નીતીવાન જીંદગી ગુજરે નહી, અને માણુસ જાતને પરણ[illegible] **અવશ્યનું** છે, કારણ મરદ તેમજ ઓરતો, આ દેશના બંધા[illegible] પ્રમાણે લાંબો વખત, કુંવારા રહી શકેજ નહી, પણ પાછો [illegible] કરૂં છું કે પરણીને તેનું પુરૂં સામાંથી કરૂં. આ બાર[illegible] કમાઇમાંથી કરૂં કે ? તેને કંઈ મારી માફક રૂપીઆ, સવ[illegible]

સ્લીપર ચાલશે નહી, તેને બે ચાર આનાની સીલઈનું બદન તો ગમશે નહી, મારો ત્રણ રૂપીઆનો ડગલો બે વરસ ચાલે, તો તેને ત્રીસ રૂપીઆનીજ સાડીઓ જોઇશે. સાત ને દસનાં તો બુટ, હાથની સીલઇના બદન તો ગમશે નહીં, ને પેલા જુહાક પાદશાહની ખાંધ ઉપર, જેમ બે અઝદા નીકળ્યા હતા, તેમ ખાંધ ઉપર અઝદાં નીકળી આવેલાં ઉપસેલા બદનો જોઇશે, તે સાથે જાળીવાળાં જીંણા હલકાં બદનોની બાંયો પોહોળી કરી, હવા ભરી જાણે આસમાની પરીની મુલાકાતે જવું હોય, તેવો પોલકો જોઇશે, ને વાઘરણોની માફક ખુલ્લાં માથાપર, પફ કાડેલાં જોઇશે, અને જેમ જુહાક પાદશાહનો અઝદા તેની હાઝતને વાસ્તે, દરરોજ માણસનું ભેજું ખાતો હતો, તેમ જો તેણીની દરેક હાજતો પુરી નહી પાડીએ, તો તે અઝદાની માફક, મારૂં ભેજું ખાઇ જાય, એવી ધાકથી આપણે તો બીહને નાજ કહીએચ, કે ભાઇ એ કામ હાલ આપણું નથી.

મી૦ ખુશરો ? એ **ત્રણ હજાર** આપે છે ત્યારે તું કરી કેમ નહી નાખતો ? મી૦ બરજોર હું તને શું કહું, એ બે ત્રણ હજાર મારે જોઇએ નહી, એ તોબા ભારી પડી જાય, થોડા વખતપર એક બાઇ ત્રણ હજાર રીત આપતી હતી; પણ તેને તો મેલેરીઆ, હીસ્ટરીઆ ને, નકલીઆ (નકલ કરવાની ટેવ) એવા જીવ લેણ **ત્રણ આજારો** હતા. તે લોકો બે ત્રણ હજાર આય બાજુથી આપી; બીજી બાજુથી તેનો ધુમાડો કહાડી નાખે છે, લગન ટાંકણે દસ બાર તો ભારી, ભારી, સાડીઓ જોઇએ, તેવાજ રંગના પોલકાઓ, તેવાંજ બુટ, ને તેવીજ સપાટો. સાડીપર જાણે લખશાપતીની બૈરી હોય, તેમ સુનેરી, ને રૂપેરી તો બોરડરો, તેવી સાડીઓની કોરો પાંચ સાત વખત પહેરાય, કે જાર તારી વાળો તો પછી છેજ. સાડીઓ તો પેટીમાં શોભાવા રાખવી જોઇએ, ને જણસો પણ કરીને એક બે વખત પહેરી, એટલે પેટીમાંજ મુકી રાખવાની, કે નવો ઘાટ નીકળે ત્યારે ભાગીને તેવો ઘડાવવાની, અથવા જ્યારે ધણી મરે, ત્યારેજ કાચના કહાડી, સુનાના પહેરવાની કરવામાં આવે છે. સાડીઓ ને પોલકાઓ જેમ [illegible]ગા તેમ સારા; અંગ, ને અંદરના કપડાં દેખાય, એવા હોય, તે [illegible] છટેલ વખતમાં સારા, મજેના, ને મન ગમતાં, લાગે છે. [illegible]મ વધારે કીમતની સીલઇવાળો પોલકો કહે, તેમ સારો, [illegible]મતો, ને દીલ બેસતો, થયો. આજે દરજીઓ નાંખી દે

તાં બે ત્રણ રૂપીઆ પેદા કરે છે, જ્યારે બીચારા પારસી દસ બાર આનાને રોજે, ગાંન ને ગરદન એક કરી નાખે છે, તેની બૈરીઓ, બે ચાર રૂપીઆ પોલકાની સીલઇ આપતાં, અચકાતી નથી, એ શું દલગીરીની વાત નથી? જો આપણે ભોગ જોગે દરજીને કહયું હોય, કે પોલકો સાદી સીલઇનો સીવી લાવજે, ત્યારે તે કહેશે કે, અંદર રબર નહી આવશે, અને કોલર મુકવામાં નહી આવશે, અને તેવી સીલઇ બાઇને ગમશે નહી, તમે રૂપીઆ અડધાની વાણ ના કરો, બાઇ સાહેબ જે કહે છે તેજ વાજબી છે, પોલકો બાઇને પસંદ પડે ને પૈસા આપજોજી. એવા એવા હજારો ઇટરાટ આપણા બૈરાંમાં વધી ગયા છે.

એક દહાડો તો મારાં માંય જીત લઇ બેઠાં; કે પેલા માસ્તરની છોકરીનો ટપકો આવ્યો છે, અને રાસબી આવી છે, અને તે લોકોની ઘણી ખુશી છે. તે તું મારૂં કહયું હવે માની જા. મેં તો કહયું હું તમારૂં કહેલું માથે ચડાઉ, પણ તે કયારે, કે તે બાઇ મારી કહેલી સરત પ્રમાણે વરતે, દરેક કામ જેવું કે, રાધવા સીધવાનું, કચરો પાણી વાસણ કુસણ. કરે, મલાજાથી રહે. જે કપડાં ચપડાં કરીએ, તેપર સંતોશ રાખે, અને આપણને મલે તે દાળ રોટલી ખાઇ, દરેક મર્યાદા જાળવી બોલે. લગન પ્રસંગે ત્રણ ચાર સાડીઓ કરવી, કારણ વધારે સાડી, પેટીમાં રહીને સબડયા કરે છે. તે પણ ટકાઉ ને આપણા ઘેરને છાજતી કરવાની, નહી કે પેલી લખશાપતીની, વહુ દેખડાવતી બૈરીઓની માફક, ભારી ભારી સાડી, ને પોલકા ને, ને બુટ, ને બ્રસલેટ, ને બુટીઆ, **મોંગા —મોંગા—સારા—સોજજાં—નવી તરેહના** પહેરીને પોતાના ભરથારોને પૈસાના ઉંડાં ખાડામાં ઉતારે છે, તેવા કરવામાં આવશે **નહીં**. આપણા ઘરને, ને મને છાજે, એવી રીતે રહે, અને સાદુ ને સારૂં પહેરે ઓઢે, તોજ હા કહેજો. મી૦ બરજોરજી આટલી વાત કરતાંજ, મારા માંય તો ચીનડઇ ગીઆં, કે એમ તે હોય, ને એવી સરતો, તે મારાથી તેની સાથે થાય, તું મને કંઈ ખરાબ લગાડવા બેઠોચ, તેની લાડવઇ છોકરી, તેને ત્યાં નોકર ચાકર, તે તેની માંય એટલામાં તેની છોકરીને ઘસડી કહા... તેનો ઓલાસ કેમ પુરો પડે. છોકરીની માંએ તો પહેલ... સરત કીધી છે કે, કચરો વાસણ કરવા નોકરડી રાખજો... વાસ્તે ઘેરમાં નળ મુકાવજો, મારી છોકરીથી કંઈ ત...

માંથી પાણીબાણી ભરાય નહીં, મારી **છોકરીએ એવું કામ** કંઇ કીધું નથી, રાંધવાનું તો વારૂ સાસુની **થતી** શીખવશો, **એટલે** કંઇ વાર નહીં, એનો ધણી મોટી નોકરીએ રહેશે પછી **પુટલેલ** નહીં તો બબરચી રાખશે, એ બીચારીએ કંઇ **ઘેરનું વૈત્રું** કરેલું **નથી.** એ બીચારીએ તો ખુરસીપરજ બેસીને, વાંચવા લખવામાં દહાડો કહાડયો છે, પણ શું કરીએ માંય, **હાલમાં છોકરાઓછેજ; કયાં**, જેને પુછીએ છીએ તે પરણવાને ધસીને નાજ કહે છે માટે હવે જે છે, તે એના નસીબ.

મેં તો માયને કહ્યું કે એવી સરત કબુલશો તો, તમારે હાલમાં રાંધીને ખવાડવું પડશે, ને તે તમારીપર સાહેબી કરશે. એની છોકરી પાસે **ઘેરનું** વૈત્રું કરાવવું નથી, તો સુખે તેની છોકરીને ઇઝીચેરપર બેસાડી રાખી, પાંત્રીસેક વરસની થાય, પછી આસ્તે રહીને વર શોધે, હજુ એ તો ઓગણીસ વરસની બુચી છે. થોડા દહાડા રહીને માંય વાત લાવ્યા, કે તે તો તેની છોકરીને, એવા એકલા હાથના ધસડબોરામાં નાંખવા ના કહે છે, એનું નશીબ ઉઠસે તો કંઇ વાર નહી-એની માયને તો કોઇ વકીલ–તો કોઇ–માસ્તર–તો કોઇ–સો–બસોનો–કમાઉ જોઇએ છે, કે ત્યાં, વધારે રીત કરે તો તેની છોકરી ખુરશીએ ટાંટીઆ ભાંગી બેસે. મી૦ ખુશરો ? તુંબી, કંઇ માથાંનો ફરેલો લાગે છે. મી૦ બરજોર ત્યારે કરવું શું. આપણે તો એમ સમજ્યા કે જત, હમણાં તો બલા દુર **થઇ**. કરવું કેમ એ હમણાંના ગેરાનો ઇતરાટ તો, કાલનો દુકાળ આજેજ પાડવ માંગે છે, અને તેઓની એવી નકલી રીત, મારા મગજને એકદમ ચોંકાવે છે. કે તેઓ બધીજ બાટલીવારાની બચાંમાય થાય, તો કાટપીટીઆની કોબઇ કોણને સમજવી; તું જાણે છે તો ખરો કે તેઓનો એવો દીવારીઓ ખરચ આપણા ટુંક પગારમાંથી કયાંથી પુરો કરીએ વારૂ; પરણીએ ત્યારે તો સઉ કોઇ ખુશીથી તાલીઓ [illegible]ાડવા આવે, પણ પછી ખરચ પુરો નહી પડે, ને રોજ રકાસ [illegible], તો તેવીજ તાલી મારી પાછળ પડે, તેની ફીકર લાગે છે. [illegible] વિચારમાં ને વિચારમાં, કુંવારો ભવ કહાડવો પડે છે, [illegible] લોક મુરખો બબડે છે કે, છોકરાઓ **રીતના અભ**[illegible] છે, પણ આપણે તો સામે વારીઓની, ખર-

ચાલુ રીતથી, પહેલથીજ મોત વિચારવું પડે છે, અને રીત લેતાં છતાં ફેશનબલ સ્ટાઇલમાં આવતી મડમો, રાખી નહી શકાશે, એવા પુખ્ત વિચારમાં ને, વિચારમાં, કુંવારો ભવ કહાડીએ છઇએ.

મી० ખુશરો, તું હવે ફરીથી રેલવેમાં ટ્રાઇ કર, ત્યાં તને પચીસ ત્રીશ સ્ટારટીંગ પગાર આપશે. મી० બરજોર; વરી તું અજાણ્યો થઇ ગયો; ત્યાં તો પચીસ ત્રીસ પર પચીસ તીસ ગીનીના ફાંફાં મારવાં પડે છે, ને કેટલી કેટલી તો સપારસો જોઇએ છે, તો પણ પન્તો ખાવો મુસ્કેલ છે, ને ત્યાં પણ વધી વધીને પાંત્રીસ કે ચાલીસ થાય છે. તેમાં બૈરાં છોકરાંના ચાલુ ગણાતા મોજશોખો કઇ પુરા પડાયા, ને કંઇ આપરાથી આયા ચાકર રખાય, એ તો ભાઇ મુંબઇનાજ પારશીઓને, સવા કુંડી પગારમા **આયાને-બુટલેલ-બાઇસીકલ ને-બેન્ડ-સ્ટેન્ડ-નાટકને-જલસા,** પરવડે. આપણા બાપદાદાએ મારવાડીનું ઘર જોએલું નહી, ને આપણને ખોદા બતાવે પણ નહી. પૈસા વગર, દેહના દુખથી નોકરીના ફાફાં, મોટાઇ અને ફીશીઆરીમાં રહેવાની ખરચાળ રીતથી, મારવાડી અને માંગનારાઓના કંટાળાથી, કેટલા બધા આપઘાતો મુંબઇના પારશીઓમાં વધી ગયા છે, જે જાણવું અઘરૂ નથી; પણ મી० ખુશરો, શું આપણી માફકજ બધા ટુંક પગારના હશે વારૂ ? હા અલબત, મી० બરજોર, એમાં કશો શક નથી. મેં તો કોઇ ત્રીસ વરસની અંદરનાને સરકારી, તેમજ રેલવે, કે ખાનગી નોકરીમાં, ત્રીસથી વધારે મેળવતો કવચીતજ જોયો છે. મુંબઇમાં કંઇક વધારે મળે છે, ત્યારે ત્યાં ખરચ પણ તેટલોજ છે. ત્યારે મી० ખુશરો ? શું આપણા બાપ દાદા મોટી મોટી નોકરીએ રહેલા હતા ? મી० બરજોરજી, તમેબી જરા લાંબો વિચાર કરતા નથી. તેઓને જો વીસ ત્રીસ મળતા, તો તેને તેઓ હાલના સો સવાસો સમજતા, કારણ પહેલાં એટલી બધી મોઘવારી તે વખતે હતી નહીં, તે લોકોની હાજતો બહુજ થોડી હતી, અને તેઓ એટલામાં, અમન ચમનથી બચ્ચાં સાથે, દાર રોટલી ખા[illegible] પોતાનું ગુજરાન કરતા હતા, જો તું કહે તો, હું તને ખર[illegible] તફાવત, ટુંકમાં કહી બતાવું. હાલમાં આપણને, અડી અડી આના બે બુટ, ને એકાદ સલીપર, એક વરસમાં જોઇએ તે લોકોને સવારૂપીઆનો જોડો, સવા વરશ ચાલતો, [illegible]

ડગલી બનાવે, તો બે ત્રણ વરસ પહેરતા, જેની સીલાઇ પણ બે અડી આના હતી, બદનની સીલાઇ પણ પાંચ છ પઇસા હતી, ઘેરનાજ બૈરા બદન, સદરા, લેગા, વીગેરે સીવતાં. બૈરાને બે ત્રણ ઘાટની સાડી હોય, તો અવરનવર જીંદગી સુધી પહેરીને ફાડતાં. બૈરાં કઇ મરદની કમાઇપરજ બેસી રહેતાં નહી, ઘરનું કામકાજ ઝડપથી કરી, સીવવાનું સાધવાનું કરતાં, ને ઘણોખરો ભાગ ઘરણી ઘડતાં, વણતાં, ઉન કાંતતાં અને એ વિગેરે દરરોજ બે ત્રણ આનાનો ધંધો કરતાં. તે વખતે નોકર પણ નહી હતા, ને આયા ને બુટલેલ કોઇ જાણતું નહોતું. ચાય તો મોટા ઘેરમાં કેટલી ઉપમાઇએ થતી, મલાઇને માખણના નાસ્તાને બદલે, વાસી રોટલીનું શીરાણ હતું. આઇસક્રીમ, ને કોલડ્રીંક, તેઓ સમજતા નહોતા. રૂમાલપર સેન્ટ ને માથામાં કાસ્મેટીક તેઓના વખતમાં હતાં નહી, તેઓને ચસમાંની જરૂર રહેતી નહોતી, ટુંકમાં જેટલો ખરચ હાલમાં આપણને ચાય નાસ્તાનો થાય છે, તેથી ઓછા ખરચમાં તેઓ બજાર, હાટ, ને પરચુરણ ખરચ ચલાવતા હતા. તેઓ બધાજ નોકરી શોધતા નહોતા. ઘણો ભાગ દારૂવાળા, ગાંધી, દલાલ ને, વેપારી વર્ગનો હતો. પણ હાલમાં તો બધાનેજ નોકરી જોઇએ છીએ. પારશીઓએ બીજી કામ કરતાં અંગ્રેજી પહેલું શીખવા માંડયું, અને થોડું ઘણું શીખી નોકરી લાગી જતા, ને ટુંક વખતમાં તરી જતા, પણ હાલમાં ઘાંચી, મોચી ને, હજામ, પણ પાસ થઇ નોકરીજ શોધે છે, અને અંગ્રેજી રાજ્યમાં, શું નાગર કે પારશી, કોલી કે કાછીઆ, બધાંને એક સરખી આંખે જોઇ, પ્રોમોશન પણ આપવું પડે છે, અને બધાને નોકરીએ રાખવા પડે છે, એટલે પારસીઓના હરીફ ઘણા, અને જબરા થયા, અને હવે તેમનું ટકુ નોકરીમાં ચાલતું નથી.

કેટલાક દોહોડ ડાયા કહે છે કે પારસીઓ નોકરીજ શોધે છે, તે વેપાર ધંધો તેઓ કેમ કરતા નથી. પણ હીંદુસ્થાનમાં વેપારજ ...ાં છે, ને પારસી પાસે પૈસોજ ક્યાં છે. હીંદુસ્થાનમાં એવી કઇ ચીજો ... છે, કે તેનો વેપાર ચાલે. હીંદુસ્થાનમાં શુન્નાં રૂપાની, કે ...કંઇ ખનીજ પદાર્થની ખાણો ખોદેલી નથી, જુજ કંઇ છે ...ત જેવું નથી. કોલસા અને એવી ખાણો નાના પાયાપર ... ...નીઓ છે એટલે

૩૨ તેમાં પણ હીંદુસ્થાનના વતનીઓને કશા નફા જેવું નથી. હીંદુસ્થાનના લોકો જે કંઇ પણ ટકી રહયા છે, તે તેના હાડકાં ચામડાં પરજ છે, માંસ અને લોહી તો પહેલાં અફીણ, અને માંહે માંહેના કુસંપથી નબળું પડયું, અને પછી તે મુસલમાનોએ હચ મચાવ્યું, જ્યારે મરાઠાઓએ તો તેને ઢીલુંજ કર્યું, તે ઢીલું ઢીલું પણ આપણે, પરદેશી રાજ્યોની ભભપકાબંધ, અને ખરચાળુ રીત ભાતની નકલના બદલામાં, વેચવા માંડયું છે; હવે એ હાડકાંપર માસ આવવુ બહુજ મુસ્કેલ છે. પરદેશથી હીંદુસ્થાનમાં દર વરસે, લગભગ ચારપાંચ અબજનો માલ આવે છે. જ્યારે આગળ હીંદુસ્થાન પરદેસને બેત્રણ અબજનો માલ વેચતું હતું. આપણી ટોપી શું કે ડગલો શું, સદરો શું કે લેંગો શું, મોજાં શું કે બુટ શું, મેડ ઇન જરમની, અમેરીકા કે ઇંગિલંડ. મી૦ બરજોર તું ઘરમાં પણ જોશે ત્યાં પણ આપણું દેશી કશું જોવાનો નથી. આરસી હાંડી, ઘડીયાળ ઝુમ્મર, દવા દારૂ, તળાઇ ગોદડાં, વાંસણકુસણ, પેનસીલ હોલડર, ચોપડી કાગલ, લાકડી છત્રી, પેટીપેટારા, કળ કુંચી, છરી કાતર, પ્યાલાં રકાબી, લોડું લાકડું, રંગરોગાન, ખીલા નકુચા, સોય દોરો, બ્રાસ બલેકીન, ચાંમડા ચીથરાં, ને નજીવીમાં નજીવી દીવાસળીની પેટી સુધીને વાસ્તે, આપણને પારકા મુલકપર આધાર રાખવો પડયો છે. અફ્સોસ, સદ હજાર અફ્સોસ !! હવે મી૦ બરજોર એ બધું હિંદુસ્થાનમાં કેટલા અબજનું આવે છે; તેનો કોઇ બરોબર ખરો હીસાબ કહાડે, તો વાંચનારની છાતી પણ બેસી જાય. એક નજીવી પઇની દીવાસરીની પેટીને વાસ્તે હીંદુસ્થાન લાખો રૂપીઆ પરદેશને આપે, તો ઉપર કહેલી આ દરેક ચીજોનું શું થતું હશે, તે સમજવું મુસ્કેલ નથી. અને એ બધો પૈસો કોનો અને કયાંથી જાય છે ? એ વત્રોગે મીલ અને રેલવેને વાસ્તે લોડાં કામ, બાયલર, ઇનજીન, ને કોલસાના બદલામાં, હીંદુસ્થાન કેટલા ટન સુન્નુ પરદેશને આપે છે તે હીસાબ પણ કાડવો જોઇએ.

વીલાયતના કારખાનાવાળા અને તેને લાગતાવળગતાઓ હીંદુસ્થાન સુધારવાને બહાને રેલવે નહેરો અને ખાનાઓ ખોલાવાની ભલામણ કરે છે, પણ અંદરની મતલબ છે તે તો કોઇ પોલીટીકલ માણસજ સમજે. રેલવે ને

તેમના અબજો રૂપીઆના માલો ખપે છે, તે સાથે હઝારો યુરો પીઅનોજ તે કામપર, મોટા પગાર મેળવી શકે છે. અને પાછુ તેજ રેલવેના શેરોની તેઓ સારી આવક મેળવે છે, અને પેલી કહેવત પ્રમાણે તેઓ વાણીઆની માફક ધુળમાં લોટે છે. હીંદુસ્થાનમાં રેલવે થવાથી શું અનાજ સસતો થયો ? શું વેપાર વધ્યો ? ને લોકોની ગરીબાઇ ઓછી થઇ ? શું દુકાળની અસર તેથી થોડી થઇ? લાખો માણસો ગયા દુકાળમાં જંગલ જંગલો, અને શહેરે શહેર કુતરાને મોતે, મરી ગયાં, અને કેટલા કરોડ ઢોરે ખોરાક અને પાણી વગર મરી ગયાં, તેનો તો કશો હીસાબજ નથી. સુરત અને મુંબઇ જેવી વસ્તીવાળા સર્વ શહેરોમાં પણ, તે વખતે, રસ્તે, રસ્તે ભુખે મરીગએલાંની લાશો જોવામાં આવતી હતી. હા ત્યારે મી. ખુશરો એ કઇ રેલવેના ફાયદા બરોબર કહેવાય નહી. અરે મી૦ બરજોર એ રેલવેથી ગરીબ હિંદુસ્થાનને કશો ફાયદો થયો નથી, ઉત્તરથી દક્ષીણ, અને દક્ષીણથી ઉત્તરમાં માલો ગુડસમાં ભરાઇ જાય છે, ને વેપારી વર્ગ ટુંક કમાઇને વાસ્તે, જે જગ્યાએ સસતો માલ જોય, કે ત્યાંથી ઉપાડી, બીજે કશે, ભાવ આવે ત્યાં લઇ જવાનોજ, ફક્ત ધંધો લઇ બેઠા છે. એમાં વેપારી વર્ગ પોતાના માલપર જેટલો નફો ખાય છે. તે કરતાં ચારગણો નફો રેલવેવાળાઓ મેળવે છે, એક ગુણના જ્યારે રેલવેવાળા બે રૂપીઆ ભાડું લે છે, ત્યારે વેપારી તો તે ગુણે ચાર આના કે પાંચ આનાજ નફો મેળવે છે. એટલે વેપારની ઉપરની મલાઇ તો પરદેશી વેપારી કંપનીઓ ખાઇ જાય છે, અને વળી દુકાળના વખતમાં તો, રેલ્વે કંપનીઓનું તરીઆરૂંજ ટાંડુ થયું છે. પછી હીંદુસ્થાનનું લોક લાખની સંખ્યામાં મરે કે કરોડની સખ્યામાં મરે પણ હમે તો જે ભાડું થાય તેજ લઇએ.

ગવરનમેન્ટથી ગયા સખત દુકાળમાં પુરતી તજવીજ છતાં પાંચ કરોડ ગરીબ માણસોને પહોંચી વળાયું નહી. મી૦ બરજોર હુ ખાત્રીથી કહું છું કે, એજ રેલ્વેથી, હીંદુસ્થાનનાં દરેક જીલ્લામાં બસોથી ત્રણસો ટકા જેટલો, દરેક ચીજપર ભાવ ચડી ગયો છે.

૧ મુસાફરી સહેલી થઇ છે, ગવરનમેન્ટથી પોતાના કામ પહોંચી વળાય છે, અને વિલાયતમાં આગળ કરતાં સસતો અનાજ વગેરે, જવાની સવડ થઇ છે. અબજો

રૂપીઆ એ મુસાફરીની સહેલને લીધે, લોહડાં ને કોલસાના જવા લાગ્યા છે, અને તે સાથે મોંગવારી ઘણી વધી ગઇ છે. કન્યાકુમારીથી કાસ્મીર સુધી, બધાંનો એકજ ભાવ થઇ ગયો છે, અને એથી હિંદુસ્થાનના વેપારને મોટો ધક્કો લાગ્યો છે, એટલે તેવા વેપારમાં મળતર તે શું મળે. મહેનત કરી, હજારો રૂપીઆ રોકી, પરદેશમાં માલ લઇ જાઓ, તો પહેલાં ઉપરની મલાઇ રેલવે ખાય, અને વેપારી બચારા જે કંઇજ્જુજ હલકાં વ્યાજ જેટલો નફો મેળવે તેપર સંતોષથી માલનું વેચાણ કરે છે. એ રેલવેથી મોટું નુકસાન તો એ થયું છે કે, પૈસાદાર તેમજ ગરીબ વત્રોગે, નભરવસ થઇ ગયા, અને મોસમના સસતા અનાજના, જે કોઠારો આગલા વખતમાં ઘરો ઘર, આવતાં વરસ સુધીને વાસ્તે, ભરી રાખવામાં આવતા હતા, તે, એ રેલવેની કુમકપર, સઘળાઓએ ભરવાનું છોડી દીધું છે. રાજ્ય, રજવાડાવાળાઓએ, પણ પોતાની ખાણો, અને ભંડારોમાં દુકાળના વખતમાં રેલવેથી મદદ મળશે, એમ સમજી અનાજ ભરવાનું મુકી દીધું, અને ગરીબ તેમજ પૈસાદારોએ, ટકો ટોપલી અનાજ લાવીને ખાવા માંડયું છે, જેથી દુકાળની અસર તેમને ખરેખરી માલમ પડી ગઇ, અને પડયાજ કરશે. રેલવેની મદદથી જો કે મોઘું અને સડેલું અનાજ મળવા લાગ્યું, પણ દેશ ભીખારી હાલતમાં છે, એટલે તે મોઘું ખરીદવાને પૈસો તેમની પાસે નોહોતો, અને, જે કંઇ વચલે વાંગેના લોકો પાસે હતું, તેથી તેમનાથી આખું વરસ એવો મોંઘો અનાજ ખવાયો નહી. શરીરપરના રૂપાં, અને પીતલના ઘરેણાં, ને ઢોરો, બળદો, વીગેરે જે કંઇ તેમની પાસે હતુ તે વેચી ખાધું, આખરે ખાવાના વાસણમાં, અને ફરનીચરમાં, એકેકી તપેલી ને એકેકી થાળી હતી, તે પણ વેચી ખાધી, ને છેલ્લે હાય અને અફસોસ મારી, આઠ આઠ આને, ને રૂપીએ રૂપીએ, પોતાના વહાલાં છોકરાં પણ વેચ્યાં, પણ પાપી પેટે, તેમને છોડ્યાં નહી. આ બધી તેમની તજવીજ છતાં પણ, આખું વરસ તેઓથી મોંઘો અનાજ ખવાયો નહી, અને છેલ્લે પૈસાદારોપર હાય મારી ભુખે અને તરસે મરી ગયાં. કેટલાક મુલકોમાં તો પાણીની પણ તેવીજ તાણ પડી, અને પાણી વગર પણ હઝારો ઢોર ને માણસ મરી ગયાં. આવી જગ્યામાં સ્ટેટવાળાઓ, અને ગવરનમેન્ટ, આરટીઝન વેલ શા ખોદતા નથી ? કોઇ જગ્યાએ તેનો ખરચ વધારે સંભવ છે, પણ માણસની જીંદગી સાથે સરખાવતાં

બીસાદમાં નથી. એવા કુવાઓની મુખ્યત્વે કરી, સ્ટેટોમાં લાંબા વખતથી, વધુ જરૂર જણાયલી છે, તો સ્ટેટવાળાઓ શા સબબથી નજીવી બાબતોમાં માનને ખાતર લાખો રૂપીઆ ખરચી, અગત્યની બાબતોમાં પાછળ પડતા રહે છે.

મી૦ બરજોર શું હીંદુ રાજા અને પ્રજા તદન નીરધન બની ગઇ છે, અથવા તેઓમાંથી મીઠું નાશ પામ્યું છે ? કે તેઓ ગયા સાલમાં પોતાની કોમના સંખ્યાબંધ છોકરાં ને, માણસને, ભુખે મરી જતાં અટકાવી શકયા નહી ? શા વાસ્તે તેઓએ નીરાશ્રીતો વાસ્તે આશ્રમો ઉઘાડ્યાં નહીં ? મુસલમાનોના સખતમાં સખત ધરમાંધપણાથી બચેલા નીરાધાર હીંદુઓને, ફક્ત પેટને ખાતર વટળવા દઇ, પાદરીઓને શા સબબથી તેઓના બચાવનાર તરીકેનું માન, લઇ જવા દેવા જોઇતા હતા ? શું પ્રજાના પૈસાથી તેમનો પેટનો ખાડો નહીં પુરાતે ? શું તેઓએ સર, અને રાવ બહાદુરના ખીતાબો ધરાવવા, કે પુતલાં ને માનપત્રનાં દાબડા બનાવવા, કે રબર ટાયરની ગાડીઓમાં બેસી વૈભવ ભોગવવા. પોતાનો પૈસો સંઘરી રાખ્યો છે ? અમેરીકા અને ઈંગલંડથી અનાજની ભીખ માંગી તેઓ શું નાક લઇને ફરે છે. એ ભીખ હીંદુસ્થાનના ગરીબ લોકોને એક દહાડો પણ ચાલે એટલી નહોતી. અરે અફસોસ, ! ! એ પણ રંડાયલાં હીંદુસ્થાનના નસીબમાં જોવાનું બાકી રહ્યું હતું. અફસોસ, સદ હજાર અફસોસ હોજો, એ પૈસાપર. અરે ! ! અરે ! ! એવું શુકકુ; ભુશું તેઓના મગજમાં ક્યાંથી ભરાયું છે, કે તેઓ જરા થઇ સમજતા નથી. પણ વીસમી સદી હવે એમ કદી કરવા દેનાર નથી.

હિંદુસ્થાનનો એક ચતુરથાઉસ ભાગ, ખેડુત વર્ગનો છે, જ્યારે ત્રણ ચતુરથાઉસ ભાગ તે બચારાઓની મહેનતપર બેસી, આયતું ખાનાર છે, જ્યારે ખરી મહેનત કરનારા બીચારાઓને પુરતો ખોરાક પણ મળતો નથી, અને દુકાળનું સંકટ પણ ઘણો ભાગ તેજ વર્ગ ભોગવે છે. ગુજરાત અને ખાનદેશની રસાળ જમીનના ખેડુતોને, મારી રખડપટીમાં, તેઓના મજબુત અંગ ... સવાલ કરેલા, કે તમારૂં આંગ મજબુત છે, તે તમે આવી મહેનત સાથે, ઘી દુધનો ઉપયોગ પણ સારો કરતા ...ારે કહે કે નારે શાહેબ, ઘી શું, ને દુધ શું, ફક્ત દી-

[illegible] અમવીલમર ફોર્સ જેવો હાલ ન...

વાંસાનેજ દહાડે તેલનો શીરો ખાઇએ, છીએ. દુધ ઘી તો વરસમાં એક પણ વખત ચાખતા નથી, એ ખાવાનું હમારા નશીબમાં ક્યાંથી હોય ! અમે તો બંન્ને વખત રોટલા, કે છાશની ઘેંસ પીજીએ છીએ, ને રોટલાના શાકમાં, કોઇજ દહાડો કાંદો, મરચું ખાઇએ છીએ. મી૦ બરજોર, એક વખત મારી આંખમાંથી એ-વા એક પીલતન દુબળાને જોઇ, તેની એવી દયાજનક વાત સા-ભળી પાણી નીકળી આવ્યાં. તે અને તેની બૈરી છોકરાં, બાંરે માસ જુવાર દળી, છાસનું ભડકું પીને, પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. જે બીચારો આપણે વાસ્તે આખો દીવસ તાપ તડકો વેઠી અનાજ પકવે, તે ઘી દુધ તો શું, પણ પેટ પુરતા અનાજનો પણ મોહોતાજ છે. અફ્સોસ ! ! અફ્સોસ ! ! લગભગ ખેડુત વર્ગનો નડધો ભાગ, એટલે બે ત્રણ કરોડ માણુસ, આ ઇનસાફી રાજમાં અડધી ભુખે ખાઇ પોતાનું જીવતર ચલાવે છે. જો એજ ખેડુતને આટલી કસરત સાથે પુસ્ટીકારક ખોરાક હોય તો, કેટલો જુસ્સો ધરાવે. એક ખેડુતનો છોકરો, પરણવાના ખરચના પંદર વીસ રૂપીઆની જુજ રકમને વાસ્તે, આખી જીંદગી સુધી ગુલામ તરીકે, પોતાના શેઠનું દરેક કામ, વગર પગારે, પેટના બદલામાં કરે છે. શું રાજકર્તાઓ આ હકીકતથી અજાણ્યા છે ? શું પાર-લામેન્ટમાં હાલ કોઇ વીલીયમ વીલબરફોર્સ જેવો શખશ બીરા-જતો નથી ? પચીસ કરોડ રાંડીરાંડના બેલી, સર વીલયમ વેડ બરનનો શું પારલામેન્ટમાં કોઇ મદદગાર હવે મળે નહીં ? અને એટલી રાંડીરાણમાં એક પણ સોહોવાસણ નથી, કે તે પારલામેન્ટ માં બેશી શકે ? પચીસ કરોડ રાંડીરાંડનો કોઇ પણ પુત્ર, પાર્લામે-ટમાં, પ્રજાપર પડેલી પનોતીનો પોકાર ઉઠાવવા, પાછી પાની શા વાસ્તે કરે છે? એવા રીવાજે તો ગુજરાતના કેટલાક ભાડેલા અને દેશાઇઓએ, દક્ષીણના જાગીરદારોએ, અને ઉત્તરના વતનદારોએ, દુબળા અને કોળી જેવી આખી કોમોને ગુલામગીરીમાંજ રાખી મુકી છે. એ પંદર વીસ રૂપીઆના પરણવાના ઓશીઆળાપણા ને લીધે, તેનાથી શેઠનું ઘેર જીંદગી સુધી મુકાતું નથી. આવીને આવી, હીંદુસ્થાનના ખેડુતોની સ્થીતી છે. છ રૂપીઆના જાવેદાન સુ-ધીના પગારને વાસ્તે, બારસો માઇલપરથી ભૈયા ખેડુતો, જીલ્લામાં નોકરીને ખાતર આવે છે. દક્ષીણથી દર [illegible] હજારો ભીખારી ટોળાં, ગળામાં સાંકળ, ને હાથમાં બે[illegible]

આવે છે, અને એ બધું પુરવાર કરી આપે છે કે, તે જીલ્લાના ખેડુતોની સ્થીતી પણ અહીં જેવીજ હશે. કોઇ એમ વેચાય છે, તો કોઈ ખેડુતો મારવાડીને ત્યાં વેચાય છે, ગમે તેટલા રૂપીઆ ભર્યા છતાં મારવાડીનું લેણું, જીંદગી સુધી વસુલ થતુંજ નથી, અને બાપનું દેવું દીકરાપર, અને દીકરાનું દેવું, તેના દીકરાપર, એમ પહેડી દર પહેડી, કરજમાં મારવાડીઓને ત્યાં વેચાયલા રહે છે.

અરે અફ્સોસ!! મી૦ બરજોર ખરેખર અફ્સોસ!! પોણોસો વરસપર એક યુરોપીઅનને હાથે લખાયલી તુરકસ્થાનની હીસ્ટરી મેં વાંચી છે, જેણે દરેક બાબતની બારીક તપાસ કરી, ત્યાંનો અ હેવાલ લખેલો છે, તો ત્યાંના ખેડુતની સ્થીતી કરતાં પણ, મારી સમજ પ્રમાણે હાલમાં, આપણા હીંદુસ્થાનના ખેડુતોનો હાલ બહુ બુરો છે. તેઓ એક ગુલામીમાં રહી હીંદુસ્થાનનું હોજરૂ ભરે છે, જ્યારે એવી ખરી મહેનતે, અને પરસેવાથી પેદા કરેલા પાકને, આપણે મોજ શોખને બદલે આપી દઇએ છીએ, એ કોહોલી દોઇ કુતરી પાવા સરખું કરીએ છીએ. હીંદુસ્થાનની મુખ્ય આવક ખેતી ઉપરજ છે, અને જ્યારે ખેતીના કરનારાજ ભીખારી થાય, ત્યારે તેના ઊપર નીભાવ રાખનાર ચાલતે દહાડે ભીખારી કેમ નહી થાય.

વિલાયતવાળા, આપણને ચાર શેર પાંચ શેર રૂનો એક રૂપીઓ, એક વરસ આપે છે, જે આપણે ખુશીથી લઇ, બે રૂપીએ શેરનું વણાયલું કાપડ લઇએ છીએ, જો કે તે તેઓની સફાઇને લીધેજ છે, પણ એમાં આપણે કશુ મેળવતા નથી. એક વરસ એક રૂપીઓ લઇ, બીજેજ વરસે તે રૂપીઓ, હઝાર ટકાની તેરીખે વ્યાજ સાથે પાછો આપીએ છીએ, ત્યારે એ ખોટ કયાંથી પુરી પાડીશું ? ના, ના, મી૦ બરજોર એ ખોટ પુરી પડેજ નહીં.

કેટલાકોએ દુર અંદેશાથી મીલો તો ઉભી કરી, પણ તે હરીફાઇમાં, તેઓ એજ માનચેસ્ટરવાળાઓની બારીકીથી, અને આ દેશની હવાએ યારી આપી નહી તેથી, અને એ વીગેરે અડચણોથી ફાવ્યા નહી, અને એ હરીફાઇમાં, સામો વેલાયતનો ાલ બહુ ઝડપથી દેશમાં દાખલ થવા પામ્યો, અને સાંચા કામને ાને બદલે, કરોડો રૂપીઆ હીંદુસ્થાનમાંથી તેઓએ નકામાં હીંદુસ્થાનના મોટો ભાગ વણકર વર્ગને તદન તોડી પાડયો. ોનો ધંધો છોડાવી, તેમને પણ નોકરીની જાળમાં ફસાવ્યા.

તેમ કરતાં પણ, તેઓના ડોભલા નકામાં પડી, હવે કાટ ખાય છે. તેઓથી સફાઇદાર માલ બનાવાતો નથી, તેથી તેમનો માલ પોસાતો નથી, તેમજ તેઓથી રૂ ખરીદી, માલ કઢાતો નથી. આટલી મીલો છતાં, હીંદુસ્થાનનું રૂ, ને સુતર, ચીન જાપાન ને ઇંગલંડ, કાપડ વણાવવાના કામસર મોકલવું પડે છે, વેલાયત અથવા ચીન જાપાનથી કાપડ નહીં આવતે, અથવા હીંદુસ્થાન માં મીલો નહી ખોલતે, તો શું હીંદુસ્થાનના લોકો નાગા ફરતે ? ના કદી નહી. તેઓ એવાંજ હાથના વણાયલાં ટકાઉ કપડાં, લગભગ ચાર પાંચ હજાર વરસથી, પહેરતા આવ્યા છે. ખરૂ જોતાં રેલવે, વેલાયતી સામન, અને કાપડથી, હીંદુસ્થાનની કારીગીરીને જબરો ધોકો લાગ્યો છે, અને વેપાર તદ્દત નાશ પામ્યો છે. હિંદુસ્થાનમાં રેશમી કાપડ કંઇ જેવું તેવું વણાતું નોહોતું, અને કાસ્મીરી શાલોની તો હજુ કોઇ બરોબરી કરી શકતું નથી. હાલમાં તો ખુલ્લી રીતે કહીએ તો, પરદેશી વેપારીઓના, હીંદુસ્થાનના લોકો નોકર થઇ રહ્યા છે. ત્યાંથી જે માલ મોકલે, તેપર જુજ કમીશન લઇ વેચવાનો તેમનો ધંધો થઇ પડયો છે. જે દેશથી તે માલ આવે તેજ દેશને ફાયદો હોય છે, એટલે તેવા વેપારથી હીંદુસ્થાનને શો ફાયદો હોય, અને એવા વેપારમાં મળતર તે શું મળે ? જેવો અને જેટલો માલ આ દેશમાં પરદેશથી આવે છે, તે વેલાયતી ને નામે ખપી જાય છે, અને દરેક કોહેલા માલનો પણ ઉઠાવ થાય છે, તેથી પરદેશીઓ હીંદુસ્થાનને પૈસાદાર સમજે, તેમાં નવાઇ શું.

મી૦ બરજોર હીંદુસ્થાન,' એટલે ખેડુતોની હાલત સુધારવાનો સહેલો ઉપાય સોધવો હોય તો, તેમને અકેકો પાકો કુવો સ્ટેટ, અથવા સરકાર તરફથી, દર ચાલીસ વીંઘાદીઠ ખોદાવી આપવો, પણ એમ કરતાં બકરૂં કાઢતાં ઉંટ નહી પેસે, તેનો પુરતો બંદોબસ્ત રાખવો. ગાયો પાળવાની સમજને મદદ આપવી, જેથી જમીનને વાસ્તે ખાતર, પેટને વાસ્તે દહીં દુધ, ને ખેતીને વાસ્તે બળદ મળે. કુવો ખોદાવ્યા પછી સરકારે જમીનની ફીસ વધારવી જોઇએ નહીં, પછી નહેર અને રેલવે વધારવાની જરૂર બીલકુલ રહેશે નહી. હ[illegible] જો કોઈ ખેડુત કુવો ખોદાવે છે, તો ઘણું ખરૂં સરકાર તરફથી વ[illegible] વધારવામાં આવે છે. એ એક જાતની સખતાઇ છે. સરક[illegible]

ક બાબતોમાં. ખેડુતોની દયા ધરાવવાનું માન ખાટી જાય છે, પણ મહેસુલ ઉઘરાવતી વખતે, અને વીંગોટી ઠરાવતી વખતે કેટલાક સરકારી અમલદારોનું હૈયું ઘણું સખત હોય છે. જો કોઇ ખેડુત ઘણા વરસ સખ્ત મહેનત કરી, કુવો બંધાવી જમીન સુધારી પાક વધારી, સારી ઉપજ કરે, તો કેટલાક સરકારી ખુસામતીઆ અમલદારો, ફક્ત પોતાનાજ સ્વાર્થને ખાતર, કોઇ પણ ચીકાસદાર ખેડુતને જોઇ, જમીનની વીંઘોટી વધાર્યા વગર રહેતા નથી, અને તેથી તેઓ સરકાર પાસે કુવો ખોદવાના પૈસા, તગાવી તરીકે માગતા પણ નથી. સબબ જ્યારે સરકાર દેખઇતી રીતે દયા ખાઇ, ખેડુતોને કુવા બાંધવાના પૈસા આપે છે, ત્યારે તે કુવાવાળી જમીનનો દર બમણો વધારેલો જોવામાં આવે છે. આથી થયું છે એમ કે, વિંઘોટી વધવાના ધાકથી, ખેડુતો કુવા ખોદાવતા નથી. અને જમીન ધ્યાન દઇને સુધારતા પણ નથી, અને એવી આડકત્રી સખતાઇથી, હીંદુસ્થાનનો મહેનતુ ખેડુત વર્ગ, આળસુ થતાં, ફલદ્રુપ જમીનનો ઘણોક ભાગ, નકામો અને ઉજ્જડ થતો જાય છે. એવા હિંદુસ્થાનનાં હીંદીઓની, સ્વાર્થી મતલબ, અને ખુશામતીઆ રીવાજોને લીધે, હીંદુસ્થાન પડદામાં રહી પીલાયું જાય છે. જો દરેક જીલ્લાવાર જમીનની મહેસુલનો એક પંચમાંઉસ ભાગ, એવેલ ડીપારટમેન્ટને વાસ્તે રીઝરવ રાખે, તો દસ બાર વરસમાં, એક પાકો કુવો ખોદાય એવી સારી રકમ, દર ચાલીસ વીંઘા દીઠ આપવાને સરકારને સવળ પડે, અને ખેડુત વર્ગની હાલત સુધરતાં, હીંદુસ્થાન પણ સારા પાયાપર આવશે, અને સરકારને પણ દુકાળના વખતમાં જે ખોટ, મહેસુલની ખમવી પડે છે તે પણ દુર થશે.

મી૦ બરજોર શું દેશી વૈદું નબળું છે ? ના પણ તેમાં મહેનત છે. જ્યારે આયતી દવાઓના બાટલા તૈયાર મળે, એટલે હીંદુસ્થાનના આળસુ લોકો મહેનત કરતા નથી. લખો રૂ
ર પીઆની દવા, વીલાયતથી આયાત થતી હશે, તે દવાઓનો
ઘણો ભાગ, કંઇજ નહી, પણ હીંદુસ્થાનથી ગએલાં ગાં
૧૦ વસાણાં, ને બીઆં, પ્રવાહી રૂપમાં ગાળી, એકનો ચાર
ભાવ લઇ મોકલે છે. જુઓ કેસ્ટર ઓઇલ જ્યારે અહીંનું
ગોળ્યલ, અડી આને શેર મળે છે, ત્યારે વેલાયતી બાર

આને શેર મળે છે, અને એટલો તફાવત છતાં, તેનો ઉપાડ વીશેશ થાય છે, એ શાથી ? ફક્ત વેલાયતી નામ છે તેથીજ કે ? તો તેવી રીતે હીંદુસ્થાનમાં, એવી દરેક ચીજ શા વાસ્તે નહીં ગાળવામાં આવે ? હીંદુસ્થાનના હીંદીઓ, સાયન્સના પ્રોફેસર થઇ, શું દલદર ફેડે છે? એવા એમ ડી, એલ, આર, સી પી, બી, એસ, સી, ને એલ એમ એન્ડ, એસ, થઇ કયા અસાધ્ય રોગો તેઓએ સારા કર્યા ? જો હું ભુલતો નહીં હોઉં તો એવી ડીગ્રીવાળા દરેક સખશે, તેની આખી જીંદગીમાં, પરદેશથી લાખો રૂપીઆની દવા આયાત કરી, દેશી વૈદાંને તોડી પાડી, હીંદનો પૈસો ગુમાવ્યો. ફોરમુલ્યાઓ મોઢે કરી, તે લખી આપી, અથવા કસાઇ કરતાં, વધારે સફાઇથી, સારાં સારાં કીમતી ઓજારોએ વહાડ કાપ કરી, તેમાં હું તેમની ખરી હુશીઆરી સમજતો નથી. મી૦ બરજોર ? એવા એમ ડી, ને બી એસ સીની કમપનીઓ, હીંદુસ્થાનમાં બરગુ આઇન બરબીડજીસ કેમ નહી થાય ? દેશી વૈદાની કોલેજો શા સબબથી ખોલવામાં નહી આવે ? હજારો વરસના અનુભવે કરીને, અને તન મન ને ધન ખરચીને, જે કીમતી વૈદક ગ્રંથો, આપણા પુરવજોએ, અથાગ્ય મહેનત કરી બનાવ્યા, તે ગ્રંથો શું તેઓ આપણને અભડાઇપર ધુળ ખવડાવવાને લખી ગયા છે ? અથવા શું, તે બીજી સુધરેલી પ્રજાને, તેજ ગ્રંથોને આધારે દવા બનાવી, આપણને ઓશીઆળામાં રહેવાને મુકી ગયા છે ? ના, ના, મી૦ બરજોર ના. તેઓએ તેમના આવા અમુલ્ય ગ્રંથોની આવી દુરદશા અટકળી નહી હશે.

મી૦ બરજોર? એ દેશી વૈદુ ગ્રંથ અનુસારે શા વાસ્તે પાછું સજીવન નહીં કરવામાં આવે ? તે ગ્રંથો પ્રેસના ધોભીને ત્યાં ધોવાઇ આવ્યા છે એટલે ઝાઝી અડચણ પડનાર નથી. તે નાડી પરીક્ષા કયાં ગઇ ? તે ધાતુ ભસ્મો કયાં ઉડી ગઇ? મી૦ બરજોર, હાલના કેટલાક એલ એમ એન્ડ એસ, અને એલ આર સી પીઓ, નાડી પરીક્ષા તો શું, પણ તાવ કે ત્રીદોશ, ઉધરસ કે ધાતુક્ષય, સંધીવા કે લકવો, ગાંઠ કે પ્લેગ, શું છે તે પારખવાની, પુરતી સમજ વ[illegible] ધરાવતા નથી. તેથી તેઓ, ઓરનું દોર વેત્રી, ર[illegible] રામાયણ કરી નાખે છે, અને નજીવા રોગપર, પણ વહ[illegible] ચલાવવા મંડી જાય છે. તે વહાડ કાપ આપણ[illegible]

બંધારણને અનુસરતું નહી હોવાથી, ઘણાં માઠાં પરીણામો નીપજે છે. દેશી વૈદાના મારા કંઇક અનુભવથી, હું હીમતથી કહું છું કે બીજી કોઇજ દવાથી નહીં, પણ આપણે આપણી શુધ્ધ માત્રાઓથીજ, પ્લેગ જેવા અસાધ્ય રોગને કાબુમાં લાવીશું. હડતાળ, સોમલને, ત્રામની શુધ્ધ ભસ્મોને, એ રોગપર અનુપાનથી અજમાવવાને દેશી વૈદોને હું ભલામણ કરૂં છું. હજુ સુધી કોઇ પણ અંગ્રેજી દવા, તે તેજી માત્રાઓની બરોબરી કરી શકે એવી, અંગ્રેજી દાકતરોથી શોધવામાં આવી નથી, તો તેમનાથી એ રોગના ઇલાજની આશા રાખવી મીથ્યા છે. કેટલાક સખી ગ્રહસ્થોએ સારવજનીક સુખને વાસ્તે ઇસ્પીતાલો બંધાવી, પણ ત્યાંથી પણ આપણે સારી દવાઓ મેળવી શકતા નથી, સબબ સારી અને મોંઘી દવાઓ ત્યાં પુરતી જથામાં આવતા નથી, અને જે કંઇ થોડા પ્રમાણમાં આવે છે, તેનો કેટલેક ઠેકાણે હોસ્પીટલ આસીસટંટો, ઘેર ઉપયોગ કરતા જણાયા છે, જેથી કરીઆતાનું પાણી, ને વરીઆળીના અરખ જેવીજ દવાઓ આપણે મેળવી શકીએ છીએ. એ હુશીઆર ડાકટરો એક કલાકમાં પચાસ પેશંટોને તપાસી, દવા પણ લખી આપે છે. મી૦ ખુસરો એમ તે વળી હોય ? અરે હા મી૦ બરજોર જો તને મારા બોલવાપર શક છે, તો હું તને એવા હોસ્પીટલ આસીસ્ટંટો, ને કમપાઉન્ડરોથી ચાલતાં કેટલાક ખાનગી દવાખાના, અને તેમના ઘરોની મુલાકાત લેવાની ભલામણ કરૂં છું. ખાનગી દાકતરો પણ સારી દવાનો, સારા જથામાં, પૈસાની લાલચે, ઉપયોગ કરતા જણાતા નથી, અને તેથી હવે અંગ્રેજી દવા પણ આપણને જોઇએ તેવી અસર કરતી માલમ પડતી નથી. બસ, ખુશરો બસ, હવે ઘણું થયું, તું તો તદનજ બધાનું ભોપાળું કાડવા માંગે છે. ત્યારે મી૦ બરજોર શું કોઈ મારી દેખતી આંખમાં આંગળી ભોકે તો મારે કશું કહેવું નહી ? જો તેને ભોકતાં અટકાઉ નહીં તો મારી આંખજ ફોડી નાખે, માટે હું તો બોલવાનો, ને બોલવાનો, તારે સાંભળવું નહી હોય તો ના કહે, હું આ બેઠો. ના, ના, મી૦ ખુશરો તમે તમારે આગળ ચલાવો, એ પણ આપણા-ફાયદાનીજ વાત છે.

શું મી૦ બરજોર ? હીંદુસ્થાનમાં પરદેશી દારૂ આવે છે, અને તે સાનો બને છે તેની તને

ખબર છે? તે આપણા મહુડાં કરતાં ઘણી હલકી જાતનો, અને નુકસાનકારક હોય છે. મારા વાંચવામાં પણ આવ્યું છે કે તે કેટલેક ઠેકાણે, કોહેલાં પપેટા, ને કોહેલાં ચામડાંનો બનાવવામાં આવે છે, અને તેવો સફાઇદાર બનાવેલો દારૂ, આપણા પારશી તો શું, પણ ઘણાક હીંદુઓ પણ હવે, મજાહ લઇ પીવા લાગ્યા છે. મી૦ બરજોર? મારા મમાવા ને બપાવાની ભઠ્ઠીનો દારૂ તો હવે સ્વપનેજ ગયો. તે દરાખ, ગુલાબ ને, એલચીનો દારૂ, જો ભુલથી કપડાંપર ઢોળાયો હોય, તો તેની એલચી ને ગુલાબની ખુસ્બો, ધોબીને ત્યાં જઇને પાછી આવતી; તેની આગળ હાલના ઉંચામાં ઉંચા બ્રાન્ડી ને વીસ્કી, કુચ બીસાતમાં નથી. તેને તે દારૂ કહેવાય, તે પીધાથી તાજું લોહી, ને જોર મળતું. હવે તેને બદલે વેલાયતી ઉસ્તાદો, તેથી ચાર ગણી કીમ્મત લઇ, હલકા પ્રકારનો દારૂ પીવા આપે છે, જેથી કલેજું બળી જઇ, લીવર અને કનઝમપશનના, બુરા રોગો થવા લાગ્યા છે, અને પ્રજા છાટકી અને વ્યભીચારી થતી જાય છે. ભેજાપર કંઇ એ દારૂની થોડી ઘણી અસર થાય છે? એ બ્રાંડીઓ તે થંડીના મુલકમાં ગોધા, ઘોડા, અને ડુકરના ગોસ હજમ કરવાને બનાવવામાં આવે છે, પણ તે દારૂઓ આપણા સાદા ખોરાકપર, ગંભીર પ્રકારનું નુકસાન કરે છે.

દીવેલનો ખપ ઓછો થતાં ગ્યાસ તેલે કેટલાની આંખે ચસમાં આપ્યા છે? ત્યારે મી૦ ખુશરો એ દીવેલનો ખપ ઓછો થયો છતાં તે મોઘું કેમ થયું છે? તું જાણતો નથી કે રાલી બ્રધરસને એવી વેલાયતી પેડીઓ, હીંદુસ્થાનમાંથી દીવેલી ખરીદી સ્ટીમરો ભરી ભરીને, વેલાયત મોકલે છે. અફસોસ!! ખરેખર હીંદુસ્થાનની અકલજ મારી ગઇ છે. મી૦ ખુશરો એ બધું તું હવે જવાદે, એવી દરેક બાબતપર તું કહેશે તો મુદદાંની વાત રહી જશે. અરે પણ મી૦ બરજોર એથી થયું છે શું તે તું જાણે છે? હીંદુસ્થાનમાં, ગરીબી વધતી જાય છે, અને આગળ જે ગરીબ રાંડીરાંડ ડોસીને ત્યાંથી, કમ્માં કમ શેર શુન્નું નીકળતું હતુ, ત્યાં આજે હવે શેર લોહોડાંની આશા રાખવી મુસ્કેલ છે. પણ ફીક્ર નહી, હીંદુસ્થાનના લોકપર હજુ ચામડું છે, તો ગોસ આવવ[illegible] આશા રહે છે, પણ તેનો ઇલાજ હવે બહુ ઝડપથી, મક્કમ[illegible] પર થવો જોઇએ.

પૈસાદાર અને અક્કલવાળા માણસોએ, એ [illegible]

ધરવી અવશ્યની છે; અને દરેક માલ હાથથી, અને દેશી કારીગીરીથી, સફાઇથી બનાવી, **પહેલાં તેઓએ વાપરી,** પછી લોકોને વાપરવાને, સમજ અને ભાશણો આપવા જોઇએ. યુરોપીયન ડ્રેશમાં નેકટઇને કોલર બાંધી, દસ રૂપીઆની સીલકના કોટ પાટલુનો પહેરી, હાથમાં જમેકા નેતર લઇ, બાર રૂપીઆના બોરટોકના બુટ ચડાવી લોર્ડ લેફ્ટેનન્ટ જેવો ભપકો કરી, દેશી કારીગીરીના ઉત્તેજન વાસ્તે ભાશણો આપે, તો તેથી કંઇ શુકરવાર થશે નહી. પગે માંજલા મારી મોઢે રામ રામ પોકારવાથી લોકોમાં જોઇએ તેવી એવાં ભાશણની અસર થતી નથી. મોટા મોટા વેપારીઓએ, પરદેશી ફેન્સી, અને મોઘો માલ, આયાત થતાપર અંકુશ મેલવો જોઇએ, અને દેશીજ માલને ઉત્તેજન આપી, **દેશી દેશી ને દેશીજ** ચીજો વાપરવી જોઇએ. ધન્ય છે દક્ષણીઓને, કે તેઓ દેશી કારીગરીને ઉત્તેજન આપવા દેશીજ વાપરે છે. માટે એવું લોકોનું વલણ કરવું જોઇએ. પછી જોઇ લેવો સપાટો. વેપાર પણ તેજ થશે, દેશી કારીગરો, વેલાયતી માલની હરીફાઇમાં, તેવુંજ સફાઇદાર બનાવશે, અને લોકમાં પૈસો થતાં, અક્કલ, જોર, ને ઉલટ, પોતાની મેળે આવશે.

ઘણાક પૈસાદારોને, દેશની કશી લાગણી હોતી નથી. તેઓ ફક્ત પૈસો પૈસો ને પૈસોજ સંઘરવાનું સમજે છે, પણ તેઓએ યાદ રાખવું કે, તેઓનો પૈસો વીલાયતના સટ્ટાબાજો, આંખમાં ધુળ નાંખી, એક પલકવારમાં ઘસડી જશે. અંગ્રેજોએ તો આપણને, તેમની રાજા તરીકેની ફરજ સમજી, કેલવણી આપવા માંડી, પણ તે કેલવણી લેતાં, લેતાં, આપણે તો તેમના બધા બાદશાહી રીવાજોની, વાંદર નકલ કરવા માંડી છે. તેમની વખાણવાલાયક ચીજોની નકલ કરવાને બદલે, આપણે બધાએ તલવારને બદલે હોલડર, ઢાલને બદલે કાગજ, ગુરજને બદલે ફેનસી નેતર, જમયાને બદલે ઘડીઆળ, દારૂગોળાને બદલે ચોપડીઓ, લશ્કરને બદલે સભાઓ, શુનાને બદલે લોહોડું, હીરાને બદલે કોયલો, મોતીને બદલે ફરનીચર, દુધને બદલે દારૂ, પાણીને બદલે સોડા, વીગેરે સારી ચીજોને બદલે ફી ચીજો લેવા માંડી, તે કરતાં જો તેમના જેવી ખંત, મઉતસાહ, ઇનસાફીપણું, નીયમીતપણું, અને શોધક બુધ્ધી મહા ગુણોનીજ નકલ કરવી ચાલુ રાખતે, તો આ શાંત પણે ઘણું કરી શકતે.

[illegible]ડીના બપાવો હવે ચીરૂટ આવ્યો છે.

હિંદુસ્તાનને દારૂ અને અફીણ કરતાં, જો વધારે સુસ્તી બનાવ્યો હોય, તો તે આપણી ચાય છે. મી૰ બરજોર એના બગાડા શું છે, તે અત્રે લંબાણથી કહેવાની હું જરૂર જોતો નથી, પણ એજ ચાય, પાચન શક્તી ઢુલી પાડી, મગજને નબળું કરે છે. ધાતુ પાતળો કરી નાંખી, એ વત્રોકે શરીરના મુખ્ય બંધારણોને મોટું નુકસાન પુગાડે છે. ખરૂં જોતાં તે અફીણ કરતાં વધારે ખરચાળ, અને પકકી કેફી ચીજ છે. જેમ અફીણ એક વખત વાપર્યા પછી છોડાતું નથી, તેમ એ ચીજ પણ છુટતી નથી. દરેક કેફી ચીજો, જેમ વધારે ને વધારે પીવાને ગમે છે, તેમ એક વખત ચાયના પીનારને, તે બે વખત, ને બે વખતના પીનારને, તે ચાર વખત પીવાને લલચાવે છે. અફીણે આગલા વખતમાં રજપુત રાજાઓ, ગરાશીઆ, અને એવાં ઉંચ ખાનદાનોને સુસ્ત ને નરમ બનાવ્યા હતાં, તે કરતાં આ ચાયે તો, આખા હીંદુસ્થાનને વધારે નરમ બનાવવા માંડયું છે. એક શ્રીમંત શેઠીઆથી, તે ગરીબમાં ગરીબ ભંગી સુધી દરરોજ તેનો ઉપયોગ કરતો જણાયો છે. આ કેફી ચીજનો આટલો બહોળો ફેલાવો, આપણે ફક્ત ૨૦-૨૫ વરસનાં ટુંક અરસામાં કર્યો છે. તે કંઈ સસતું પીણું નથી. તે ઘણાને બલકે ઘેરના એકે પીધું, તો દરેકને તે વ્યસન લાગુ પડે છે, અને અફીણ, અને દારૂ જેવી ઘણી ગંભીર પ્રકારની નુકસાની પુગાડે છે. એ ત્રણે વ્યસનોથી ખોરાક બહુ થોડા પ્રમાણમાં ખવાય છે, દેહ તવાઇ જાય છે, અને આ ગરમ મુલકમાં તો તે તદનજ નુકસાન કારક પુરવાર થઇ ચુકયાં છે. એથી પણ મોટા પ્રમાણમાં વધી ગએલું, ચોથું વ્યસન, બીડી તમાકુનું છે, જેના અવગુણો પણ અફીણ, દારૂ, અને ચાય કરતાં ઓછા નથી, અને તેના દોશ દરેક પીનાર સમજે છે. વળી હીંદુઓમાં તો હવે બીડીનો બપાવો, ચીરૂટ આવ્યો છે, એ કંઇ જેવી તેવી કમબખતી નથી, પણ એ બેવકુફો સમજતા નથી કે, એ પીણું આપણા દેશમાં ઢેડા, દુબળા, અને એવા નીચ વર્ગનું હતું. જેઓ પણ ફક્ત ટાડ, ને સરદીની મોસમમાં, કપડાંની ગેરહાજરીને લીધે, ગરમી લા[illegible] આંબાના પાત્રાની ચીરૂટો બનાવી પીતા હતા, અને હજુ [illegible] છે. તમાકુની વાવણી હીંદુસ્થાન, અને ગુજરાતના ઘણા [illegible] અકબરના અમલ પછીજ દાખલ થઇ, પણ તેની વા[illegible]

ખપ, પચ્ચીસ ત્રીસ વર્ષપર, બહુ જીજ હતો. હવે જ્યાં જુઓ ત્યાં ગઉ ચરણો ભાગીને, તમાકુ ને કપાસની વાવણી થઈ રહી છે. એ વ્યસની ચીજને લીધે ખોરાકીની વાવણી જીજ થવા લાગી છે, એટલે અનાજ ને ઘાસ ચારો સસતો ક્યાંથી મળે? હવે તો હિંદુસ્થાનના લોકોનો કેટલોક ભાગ અયાસી બની જઇ, ધરમ કે લાજની દરકાર કર્યા વગર, મોંમા પાનની પટી, ને હાથમાં ચીરૂટ લઇ મગરૂરીથી બાયલી ચાલે ચાલતા દેખાય છે. એ દરેક વ્યસનનો પેલા સાપ અને છછુંદર સહી ખેલ છે. ઠંડીના મુલકમાં એવાં ગરમ પીણાંની જરૂર જણાયલી છે, પણ આ ગરમ મુલકમાં તો એ ચારે ચીજો ઝેર જેટલીજ અસર કરે છે, તો શા વાસ્તે તેના અવગુણો જાણ્યાં છતાં, છોડી દેના નહીં જોઇએ? અને એ પીનાર લોકોને શા વાસ્તે અટકાવવા નહીં જોઇએ? વીસમી શદી કેમ એની વચમાં નહી આવે?

જેટલી અફીણ, દારૂ, તમાકુ, અને ચાયે, હીંદુસ્થાનમાં તનનો નબળાઇ દાખલ કરી છે, તેટલીજ નાટક, અને પ્યારની વાતોએ, મનોવ્રતી બગાડી છે ચોખાનો ખોરાક નબળો છે, એ ફક્ત મગજને પુસ્ટી આપી શરીરને જાડું બનાવે છે, પણ તે કંઇ માણસનું અંગ મજબુત બનાવી જોર, આપતો નથી. ઘઉં, ઘી, બાજરી, જુવાર, અને દુધ, એ સૌથી ઉત્તમ ખોરાક છે. જે મુલકના લોકો એ ચીજનો ઉપયોગ કરે છે, તે ઘણા મજબુત, અને કદાવર હોય છે. ભાતના ખાનાર બંગાળી જુઓ, તેઓ મગજ શક્તી સારી ધરાવે છે, પણ તેઓના શરીરનું બંધારણ, ગુજરાતીઓ જેવુંજ છે. એથી ઊલટું, શીખ, પંજાબી, ગુરખા અને ભૈયાઓ જેઓ ઘઉં અને ઘી ખાનારી પ્રજા છે, તેઓના અંગ રાક્ષસ જેવાં મજબુત હોય છે, અને તેઓમાં ઊપર જણાવેલાં એ ચારે વ્યસન, જોવામાં આવતા નથી. ગુજરાત અને એવા નબળા બાંધાના લોકોમાં જે ઝડપી બગાડો. નીતી અને રીવાજોમાં દાખલ થવા પામ્યો છે. તેનો દોશ, હું મારી જાણ પ્રમાણે, પરરાજ્યોની ખામી ભરી નકલ, નાટક, અને પ્યારની ચોપડીઓપર મુકવા માગું છું. નાટક કંપનીઓએ, આ દેશ સુધારવાને બહાને, બગાડી ...મ્યો છે. કારણ ઘણો ભાગ નાટકોમાં પ્યાર, અને હીંદુસ્થાનમ... બનેલા, એવા ખોટા ડોળઘાલુ દેખાવો દેખાડવામાં આવે ...ી આબેહુબ નકલ, હાલના લોકોમાં થએલી જોવામાં

પદ્દરમાને તો આવર, પદ્દરમાને
પદ્દરમાને તો આવર, પતીરમ,
ઓ ગોયમ, ઓ વર્મ દીન અવી
આસનુઆં હોમ, પરહેર કેરફેહ, ન
અઝ વીરપ બઝેહ.

(ગુજરાતી તરજુમો)

ઓ બરદાસ્ત કરનાર સાહેબ! ઓ દરગુઝર કરનાર સાહેબ! ઓ ગુનાહ માફ કરનાર સાહેબ! તારા હોકમ પ્રમાણે, તારા ફરમાન મુંજે-બ, તથા તારી આજ્ઞાને અનુકુળ થઈ, તારી મોક-લેલી ખાલેસ દીનને હું કબુલ કરૂં છું, મનમાં રાખું છું, કહુ છું, તથા એખત્યાર કરૂં છુ. દરેક સવાબનું કામ કરવાને હું ઓસ્તવાર રહું છુ અને તમામ ગુનાહથી પસ્તાવો કરી પાછો ફરૂં છું.

ચોપડી મળવાનું ઠેકાણું સુરતના જાણીતા બુક સેલરોને ત્યાં અથવા કેખશરૂ મનચેરશાહને ગોપીપુરા સુરત લખવું

બે અથવા તેથી વધુ મંગાવનારને પોસ્ટેજ માફ.